## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ કુંભ**

**આજના ગ્રહોની કુંડળી**

| | | |
|---|---|---|
| ૧ | ૧૨ ચંદ્ર - કેતુ | ૧૧ |
| ૨ | | ૧૦ સૂર્ય |
| ૩ | | વક્રી સૂર્ય ૯ |
| ૪ | રાહુ ૬ | શુક્ર ૮ શનિ |
| વક્રી ગુરુ ૫ | | મંગળ ૭ |

**આજે સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે. ચંદ્ર મીન રાશિમાં પ્રવેશેલ છે. સંપૂર્ણ માલાયોગ શુભ છે. શુક્ર - મંગળ પરિવર્તનથી ઉચ્ચના થાય છે. વક્રી ગુરુ - વક્રી બુધ સારું રૂપ આવતા નથી.**

**મેષ** બારમે ચંદ્ર - વક્રી બુધ - સાતમે મંગળ - આઠમે શનિ - બધા જ અશુભ યોગોમાં પાંચમે ગુરુ - આઠમે શુક્રનું શુભ બળ મોટું નુકસાન થતું અટકાવશે. કૌટુંબિક પ્રશ્નો ઉભા થશે.

**વૃષભ** સારા-માઠા સમાચારો મળે - મીશ્ર રૂપ મળે - આર્થિક લાભના સમાચાર મળે - કૌટુંબિક સુખ પ્રાપ્ત થાય - સંતાનોના પ્રશ્નો ઉકેલાય - દાન - પૂણ્ય કરવાં.

**મિથુન** ચોથે રાહુ - વક્રી બુધ - દસમે ચંદ્ર અનિચ્છાએ પણ સાહસ કરવા પ્રેરે અને સાહસ કરવાથી નુકસાન થાય જે પોતે જ ભોગવવું પડે - ઉતાવળ ન કરવી.

**કર્ક** ચોથે મંગળ - સાતમે સૂર્ય બંને પાપગ્રહો તમોને આવેશમાં રાખશે - ખૂબ જ સંયમથી સમય પસાર કરવો - બને તો પત્ની અને બાળકો સાથે સમય વીતાવવો - નુકસાન અટકશે.

**સિંહ** ચોથે શનિ - રાશિમાં વક્રી સારું રૂપ આપનાર નથી જ, શનિની રાશિ પરની દ્રષ્ટિ પણ નુકસાનકારક છે - શનિની પનોતીમાં શનિદેવ - હનુમાનજીની ભક્તિ કરવી.

**કન્યા** સાતમે ચંદ્ર રાશિમાં રાહુથી સપ્તમ યોગમાં ખોટું વર્તન - વાણી કરાવે - અપશબ્દો બોલવા નહીં, મિત્રોને માઠું લાગે તેવું વર્તન કરવું નહીં. મિત્રો ગુમાવશો.

**તુલા** રાશિમાં મંગળ - ચોથે સૂર્ય અવિચારી વાણી ઉચ્ચારાવે, ગુસ્સાના આવેશમાં અપશબ્દો બોલાવે - ધ્યાન રાખવું - નુકસાન થાય.

**વૃશ્ચિક** પાંચમે ચંદ્ર અને રાશિમાં શુક્ર દેશાવરથી સારા સમાચાર પ્રાપ્ત કરાવે. બારમે મંગળ અવિચારી ક્રોધ કરાવે - ધ્યાન રાખવું - સંયમ રાખવો.

**ધન** રાશિમાં વક્રી બુધ અવિચારી ખર્ચા કરાવે - જરૂર ન હોય તેવા ખર્ચ પણ કરાવે - જેની ભવિષ્યમાં જરૂર ન હોય તેવી ખરીદી પણ કરાવે - ધ્યાન રાખવું.

**મકર** અગિયારમે શનિની રાશિ પર દ્રષ્ટિ તમારા વ્યવસાયમાં તમારી ઉન્નતિ કરાવે - શુક્ર સાથેની યુતિ લાભ અપાવે - અપશબ્દો બોલવા નહીં - સંયમ રાખી વર્તવું - કાળજી રાખશો.

**કુંભ** આઠમે રાહુ - બારમે સૂર્ય - પડવા - વાગવા અને દાઝવાથી સાચવવાનું સૂચવે છે. ધ્યાન રાખવું - દસમે રાશિપતિ ધંધામાં ઉન્નતિ કરાવે. ભાગીદારથી લાભ.

**મીન** રાશિમાં ચંદ્ર કલ્પના બિહારી બનાવે - જાત જાતના વિચારો લાવે - રાશિપતિ ગુરુ છઠ્ઠે વક્રી હોઈ ખોટા વિચારોનો વિચારવાયુ પણ કરાવે અગિયાર મે સૂર્ય સારો છે.

## સભ્યોની નિયુક્તિ... ● છેલ્લા પાનાનું ચાલુ

પટેલ, અનિતાબેન સોલંકી, હીરાભાઈ મહેરિયા, આર.બી. સિસોદિયા, કપીલાબેન ચાવડા, બાલુજી ઠાકોર, કુમુદબેન વાઘેલા, મગનભાઈ એમ. પરમાર, શંકરભાઈ ચૌહાણ, કાનાભાઈ ભરવાડ, ડૉ. અજીતભાઈ પરમાર, હરેશભાઈ મારવાડી, ઈન્દ્રજીતસિંહ ચૌહાણ, અબ્દુલ સત્તાર મનસુરી, જસવંતભાઈ પંડ્યા, કરમસિંહ પરમાર, કરસનજી ઠાકોર, અશ્વિનભાઈ દવે, સાગરભાઈ બ્રહ્મભટ્ટ, જશપાલસિંહ બિહોલા, વિમળાબેન વેગડા, ઉર્વસભાઈ જોશી, રણવીરસિંહ રાઠોડ, વિશાલસિંહ ચાવડા અને મેહુલભાઈ પટેલનો સમાવેશ થાય છે.

## બિનવારસી બેગ... ● છેલ્લા પાનાનું ચાલુ

સેક્ટર-૯ એરફોર્સ સ્ટેશનના ગેટ પર ઉભેલા જવાનનું ધ્યાન સામે છ માર્ગ પર બિનવારસી હાલતમાં પડેલ એક શંકાસ્પદ બેગ પર ગયું હતું. આ બાબતને ગંભીરતાથી લઈને જવાને પોલીસને બેગ અંગે જાણ કરતા પોલીસ તાત્કાલીક સ્થળ પર પહોંચી ગઈ હતી. સલામતીના ભાગરૂપે છ રોડ બ્લોક કરીને ડાયવર્ટ કરી દેવાયો હતો. બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ અને પોલીસે પોણો કલાક તપાસણી કર્યા બાદ ખ્યાલ આવ્યો કે બેગમાં કોઈ જ શંકાસ્પદ ચીજવસ્તુ પડી નથી. બેગમાં કાંઈ ન હોવાનું ખુલ્યા બાદ તંત્રએ હાંશકારો અનુભવ્યો હતો.

## હચમચી ઉઠ્યું... ● પહેલા પાનું ચાલુ

હુમલાખોર આ હુમલાઓમાં સામેલ હોવાની આશંકા છે. હુમલાખોરો મોટરસાયકલ પર આવ્યા હતા અને ગ્રેનેડ ઝીંકવા લાગ્યા હતા. આ હુમલો જ્યાં કરવામાં આવ્યો ત્યાં અનેક દેશોના રાજનીતિક કાર્યાલયો અને બહુરાષ્ટ્રીય કંપનીઓની ઓફિસો આવેલી છે. યુએસ કાર્યાલય આતંકવાદીઓનું ટાર્ગેટ હતું. જ્યાં આતંકવાદી સંગઠન આઈએસઆઈએસ પર આશંકા વ્યક્ત કરાઈ હતી. આ પૂર્વે આઈએસઆઈએસ દ્વારા જાકાર્તા પર હુમલા કરવાની ચેતવણી આપવામાં આવી હતી. આજ કારણસર આ સંગઠન પર આશંકા સેવાઈ રહી છે. જો કે, હજુ સુધી આ હુમલાની જવાબદારી કોઈપણ આતંકવાદી સંગઠને સ્વીકારી નથી. પોલીસે આશંક વ્યક્ત કરી હતી કે, આતંકવાદીઓનું મુખ્ય ટાર્ગેટ વિદેશી પ્રવાસીઓ, વિદેશી કાર્યાલયો, વિદેશી દૂતાવાસો અને યુએન ઓફિસ હતું. પોલીસ અને પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે વિસ્ફોટ સરિના નામના એક શોપિંગ સેન્ટરની નજીક કરવામાં આવ્યો હતો જ્યાં મૃતદેહો પડ્યા હતા. વિસ્ફોટ સ્થળથી થોડાક અંતરે એક પોલીસ ચોકીને પણ નુકસાન થયું હતું. આ વિસ્તારની અંદર ઓછામાં ઓછા છ વિસ્ફોટ થયા હતા.

સમગ્ર વિસ્તારમાં નાકાબંધી કરી દેવામાં આવી હતી અને હેલિકોપ્ટર દ્વારા ચાંપતી નજર રાખવમાં આવી રહી છે. નવા વર્ષના અવસર પર પોલીસે આતંકવાદી હુમલાની ચેતવણી જારી કરી હતી અને કહ્યું હતું કે, આતંકવાદી નવા વર્ષના અવસર પર જાકાર્તા પર આત્મઘાતી હુમલા કરવાનું કાવતરું ઘડી રહી છે.

# પ્રધાનમંત્રી પાક વીમા યોજનાને આવકારતું ભારતીય કિસાન સંઘ

ગાંધીનગર, તા.૧૫

સતત બે વર્ષ સુધી દુષ્કાળ ની સ્થિતિનો સામનો કર્યા બાદ કેન્દ્ર સરકાર દ્વારા અનેક સુધારા સાથે નવીન પ્રધાનમંત્રી પાક વીમા યોજનાને મંજુરી આપી દીધી છે. જેને ભારતીય કિસાન સંઘ ગુજરાતે આવકારી સરકારને અભિનંદન પાઠવ્યા હતા.

વર્તમાન પાક વીમા યોજના અને પૂર્વેની યોજનાઓમાં અનેક વિસંગતતા અને વાસ્તવિકતા વગરની અતાર્કીક હોવાથી ભારતીય કિસાન સંઘ દ્વારા અવારનવાર રજૂઆતો કરવામાં આવી હતી અને કેન્દ્ર સરકાર પાસે સર્વગ્રાહી કિસાન લક્ષી હકારાત્મક પાક વિમા યોજના બનાવાની માંગ પણ કરી હતી. જેના ભાગ રૂપે કેન્દ્ર સરકાર દ્વારા નવી પ્રધાનમંત્રી પાક વિમા યોજનાની જાહેરાત કરવામાં આવી છે. ઘણા જોખમોનો સમાવશ કરીને હીકકતલક્ષી પાસાના આધારે ઓછા પ્રિમીયમથી આદર્શ વીમા યોજના આપવાનો જે પ્રયાસ કરવામાં આવ્યો છે જેને ભારતીય કિસાન સંઘે આવકારી કેન્દ્ર સરકારને અભિનંદન પાઠવ્યા હતા.

# શહેર - જિલ્લામાં ઉત્તરાયણે ઠંડીનો જોરદાર ચમકારો

## લઘુત્તમ તાપમાનમાં એક જ દિવસમાં છ ડિગ્રીનો ઘટાડો : ઠંડા પવનોથી તાપમાન ઘટ્યું

ગાંધીનગર, તા. ૧૫

છેલ્લા કેટલાક દિવસોથી ગાયબ થઈ ગયેલી ઠંડીએ ફરી દેખા દીધી છે. ઠંડીના ચમકારાના કારણે લઘુત્તમ તાપમાન છ ડિગ્રી જેટલુ ગગડ્યું હતું. આજે લઘુત્તમ તાપમાન ૮.૫ ડિ.સે. જેટલુ નોંધાયું હતું. ડિસેમ્બર માસમાં અનુભવાયેલા ઠંડીના ચમકારા બાદ ગાયબ થઈ ગયેલી ઠંડી પાછી ફરી છે. આગાહી અનુસાર જ ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો.

બે દિવસ અગાઉ નોંધાયેલ લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી જેટલુ નોંધાયા બાદ આજે લઘુત્તમ તાપમાનમાં એક જ દિવસમાં છ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાતા વસાહતીઓ ઠંડીમાં ઠુઠવાયા હતા. છેલ્લા કેટલાક દિવસોથી ઉત્તરભારતના વિસ્તારોમાં બરફવર્ષા થઈ રહી છે અને કારગીલ જેવા વિસ્તારમાં માઈનસ ૧૪ થી ૧૫ જેટલુ નીચુ તાપમાન નોંધાયું છે. ઉત્તરભારતમાં વાતાવરણમાં થયેલા ફેરફારની અસર હેઠળ ગુજરાતના મોટાભાગના વિસ્તારો આવી જતાં લઘુત્તમ તાપમાનમાં બે થી આઠ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો છે.

ગાંધીનગરમાં આજે લઘુત્તમ તાપમાન ૮.૫ ડિ.સે. જેટલું પહોંચી જતાં વસાહતીઓને ગરમ વસ્ત્રોમાં લપેટાવાની ફરજ પડી હતી. છેલ્લા પંદરેક દિવસથી કોરાણે મુકી દિધેલ ગરમ વસ્ત્રોની જરૂરીયાત ફરીથી ઉભી થઈ હતી. ઉત્તરાયણે પંતગ ચઢાવવા ધાબે ચઢેલા પતંગરસિયાઓ ઠંડીના કારણે સાંજ પડતા જ અગાસી પરથી નીચે ઉતરી આવ્યા હતા. તો કેટલાકે અગાસી પર જ તાપણુ સળગાવી ઠંડીને ઉડાડવાનો પ્રયાસ કર્યો હતો. આગામી બે-ત્રણ દિવસ હજુ ઠંડીનો ચમકારો જોવા મળશે તેવી આગાહી હવામાનવિભાગે કરી છે.

# ખેડબ્રહ્માની કન્યા વિદ્યાલયનો વાર્ષિકોત્સવ ઉજવાયો



ખેડબ્રહ્મા,તા. ૧૫

ખેડબ્રહ્માના કચ્છ કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત સંતશ્રી રામજીબાપા કચ્છ કડવા પાટીદાર કન્યા વિદ્યાલયનો વાર્ષિકોત્સવ-તેજસ્વી બાળાઓને ઈનામ-વિતરણ તથા વિશિષ્ટ પ્રતિભા બહુમાન સમારોહ બુધવારના રોજ દહેગામ-પંચવટીના સંતશ્રી પ્રેમદાસ બાપુના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ સમારોહનું ઉદ્ઘાટન સાહિત્યકાર ડૉ. મણીભાઈ હ. પટેલના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ સમારોહના મુખ્ય મહેમાન તરીકે અબજીભાઈ કે. ધોળુ તથા નર્મદભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. કચ્છ કડવા પાટીદાર કેળવણી મંડળના પાયાના પથ્થર અને આદ્યસ્થાપક પ્રમુખ અંબાલાલ વાલજીભાઈ પટેલ તથા મંત્રી જેઠાભાઈ ખેતાભાઈ પટેલનું વિશિષ્ટ પ્રતિભા બહુમાન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૩૧ વર્ષથી સ્થાપક પ્રમુખ અને મંત્રીનું ૧૫૦ કીલોના ૯૦૦ પુસ્તકોથી પુસ્તક તુલા કરવામાં આવી હતી જે શાળાની લાયબ્રેરીમાં અર્પણ કરવામાં આવ્યા હતા. શાળાની તેજસ્વી બાળાઓને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહીત કરવામાં આવી હતી. વાર્ષિકોત્સવમાં બે દિવસ શાળાની બાળાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. આ સમારોહને સફળ બનાવવા માટે કેળવણી મંડળના પ્રમુખ મણીભાઈ એન. પટેલ, મંત્રી શાંતિલાલ જે. પટેલ, સહમંત્રી રશ્મિકાન્ત સી. પટેલ તથા સમાજના પ્રમુખ ખીમજીભાઈ એસ. પટેલ તથા મંત્રી નંદુભાઈ કે. પટેલ તથા શાળાના આચાર્યા જસ્મીનાબેન પ્રજાપતિ સહીત શાળા પરિવારે જહેમત ઉઠાવી હતી.

## પુનઃ નિમાયા...

● છેલ્લા પાનાનું ચાલુ

તેમના કલોલ તાલુકામાંથી જ વિરોધ ઉઠ્યો હતો. પ્રતાપજી ઠાકોર અને તેમના સમર્થકોએ આ વિરોધ કરી જણાવ્યું હતું કે જિલ્લાના અન્ય સમાજોમાંથી સ્થાન આપો. આ પ્રમુખ તો કોંગ્રેસ સાથે ગઠબંધમાં રહીને ચાલે છે. જો કે તેમનો આ વિરોધી સૂર પોકળ પુરવાર થયો હતો.

બેઠકના અંતે ઉપસ્થિત કાર્યકરોએ ભારત માતાકી જય, નૈલેષભાઈ તુમ આગે બઢોના નારાઓ સાથે વાતાવરણને ગજવી દીધુ હતુ.

પુનઃ નિયુક્તી બાદ શ્રી નૈલેષ શાહે જણાવ્યું હતું કે કાર્યકરો અને પક્ષની નેતાગીરીએ મારામાં જે વિશ્વાસ મુક્યો છે તેને સાર્થક કરવા માટે હું તમામ શક્તિઓ કામે લગાડીશ. તેમણે સૌનો આભાર માન્યો હતો તેમજ પક્ષના સંગઠનને મજબુત બનાવવા માટે સહકાર પણ માગ્યો હતો.

હવે માણસા શહેર ભાજપની સંરચના બાકી રહી છે તે પણ એકાદ-બે દિવસમાં પૂર્ણ થઈ જશે.

ગાંધીનગર જિલ્લા ભાજપની સંરચનાની ૮૦ ટકાથી પણ વધુ કામગીરી પૂર્ણ થઈ જવા પામી છે. હવે પછી પક્ષના વિવિધ મોરચા અને સંગઠ્ઠનના નવા હોદ્દેદારોની નિયુક્તીની કામગીરી હાથ ધરવામાં આવશે.

## અપીલનું અવમાન



દિવસભરની રઝળપાટ પછી ઘરે પરત ફરી રહેલાં પક્ષીઓ, પેચ લડાવીને થાકેલાં પતંગ અને સૂરજદાદાને 'બાય' કહી રહેલા યુગલની આ તસવીર ઉત્તરાયણની સાંજે લેવામાં આવી છે, જે દર્શાવે છે કે સાંજે પતંગ નહીં ચગાવવાની અપીલ અનેક પક્ષીપ્રેમીઓ દ્વારા સમાજ સમક્ષ કરવામાં આવી હતી, પરંતુ હંમેશની જેમ 'પોતાનું જ કરવા' માટે ટેવાયેલા માનવીઓએ આ અપીલને માની ન હતી. **(તસવીર : કુંતલ નિમાવત)**

# શહેર ભાજપની સંરચના અટવાઈ : ચાર પ્રબળ દાવેદારો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેર ભાજપમાં આંતરિક ખેંચતાણને લઈ પ્રમુખપદની નિયુક્તીનો મામલો ગુંચવાઈ જવા પામ્યો છે. ચારથી પણ વધુ દાવેદારો આ મહત્વના પદ માટે હોવાથી ભાજપની પ્રદેશ નેતાગીરી પર હાલ આ મામલો છોડવામાં આવ્યો હોવાનું અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી આવી રહી હોવાથી આ પદ મહત્વનું બન્યુ હોવાથી એક પણ દાવેદાર તેની તક ગુમાવવાના મૂડમાં ન હોવાથી તમામ દાવેદારો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે શહેર એકમના પ્રમુખપદનો મામલો હવે પ્રદેશ એકમ પર છોડી દેવામાં આવ્યો છે તેથી હાલ સંરચનાની કામગીરી પ્રદેશ સંરચના બાદ હાથ ધરાય તો નવાઈ નહિ.

આ પદ માટે શ્રી મહેન્દ્રસિંહ રાણા, શ્રી એચ.એમ. પટેલ, શ્રી મહેશસિંહ રાઓલ, શ્રી કનુભાઈ દેસાઈ સહિત ઘણા બધા દાવેદારો છે. આમ છતાં શ્રી રાણા, શ્રી એચ.એમ. પટેલ, શ્રી કનુભાઈ દેસાઈ અને શ્રી રાઓલ વચ્ચે ભારે ખેંચતાણ ચાલી રહી છે.

શહેર એકમના સંગઠ્ઠનની સંરચના હવે પ્રદેશ એકમની રચના પછી જ થશે. મળતી વિગતો પ્રમાણે પ્રદેશ પણ મનપાની ચૂંટણી નજીકમાં હોવાથી ઉતાવળે કોઈ નિર્ણય કરવાના મૂડમાં નથી.

જિલ્લા ભાજપની સંરચનાની કામગીરી ઝડપથી આટોપી લેવામાં આવી છે. ગાંધીનગર, ભાવનગર શહેર, જામનગર શહેર સહિત કેટલાક એકમોમાં જે ભારે ખેંચતાણ ચાલી રહી છે તેને ધ્યાને લઈ હવે પછી આ સંગઠ્ઠનોની નિયુક્તીનો મામલો હાથ ધરાશે.

શહેર ભાજપ સંગઠ્ઠનમાં કબ્જો જમાવવા માટેની ખેંચતાણને જોઈ પ્રદેશ એકમ પણ ચોંકી ઉઠ્યું છે.

# પલ્સ પોલિયો માટે શહેરમાં ૧૦૫ બુથ ઉભા કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત ૧૦૫ બુથ ઉભા કરાશે. આ ઉપરાંત ૫ મોબાઈલ ટીમો અને ૭ ટ્રાન્ઝીસ્ટ પોઈન્ટ દ્વારા ૨૮ હજારથી વધુ બાળકોને આવરી લેવામાં આવશે.

૧૯૯૫ થી અભિયાન દર વર્ષે બે તબક્કે હાથ ધરવામાં આવે છે. શહેરમાં સૌથી વધુ બુથ સે. ૨૪માં ઉભા કરાયા છે. આ ઉપરાંત સે. ૧૩, સે. ૫, સે. ૧૬, સે. ૧૭, ૬, ૭, ૨૫, ૨૬,સે. ૧૪, સે. ૧૫, બોરીજ, પાલજ, બાસણ, સે. ૧, ૩૦, ઈન્દ્રોડા, સે. ૪, ૧૨, ૨૩, ૨૯, ૨૨, ૨, ૮ તેમજ સે. ૨૧ સહિતના વિસ્તારોને આવરી લેવામાં આવેલ છે.

ગાંધીનગર મનપાના મેડિકલ ઓફિસર ડૉ. દિનેશભાઈ બારોટે આજે એક યાદીમાં જણાવ્યું છે કે ભારતમાં છેલ્લા ચાર વર્ષથી પોલિયોનો એક પણ કેસ નોંધાયેલ નથી. પરિણામે ભારતને અને સાઉથ ઈસ્ટ એશિયા રીજીયનને પોલિયો મુક્તિનું પ્રમાણપત્ર વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા એનાયત થઈ રહ્યું છે. પોલિયો નાબુદીના પ્રયાસમાં પોલિયો નાબુદી અભિયાનનું ૧૯૯૫થી અમલીકરણ થઈ રહ્યું છે. જેના ભાગ સ્વરૂપે ૧૭મી જાન્યુઆરી ૨૦૧૬ના રોજ સમગ્ર દેશના પાંચ વર્ષથી નાના તમામ બાળકોને પોલિયોના બે ટીપા પીવડાવી રક્ષિત કરવાના થાય છે. પાંચ વર્ષથી નાનુ કોઈ પણ બાળક અભિયાન દરમ્યાન રસીથી વંચિત ન રહે તે ખુબ જ અગત્યનું છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પણ પોલિયો નાબુદી અભિયાન અંતર્ગત કુલ ૧૦૫ બુથ, ૫ મોબાઈલ અને ૭ ટ્રાન્ઝીસ્ટ પોઈન્ટ દ્વારા અંદાજે ૨૮ હજાર બાળકોને પોલિયોના બે ટીપા પીવડાવવાનું આયોજન કરેલ છે. આ અભિયાનમાં અંદાજે ૫૦૦થી વધુ વ્યક્તિઓ સ્વૈચ્છાએ જોડાયેલ છે. જેમાં મુખ્યત્વે નર્સીંગ કોલેજની બહેનો, આંગણવાડી કાર્યકરો, આરોગ્ય કાર્યકર, આઈ.ટી. આઈ.ના વિદ્યાર્થીઓ છે.

# દિયોદરમાં ૨૭મા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી

દિયોદર, તા. ૧૫

સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં તા. ૧૦-૧-૨૦૧૬ થી તા. ૧૬-૧-૨૦૧૬ સુધી પોલીસ દ્વારા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે દિયોદર પોલીસ દ્વારા પણ ૨૭મા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે.

જેમાં દિયોદર હાઈવે રોડ ઉપર આવતા જતા વાહન ચાલકોને ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક અંગેના નિયમો પાળવાની સૂચનાઓ અપાઈ હતી તો સાથે સાથે દરેક વાહનો ઉપર રેડીયમ સ્ટીકરો લગાવી રાત્રીના સમયે થતા અકસ્માતો અટકે તે અંગેના પ્રયાસો કર્યા હતા. આમ દિયોદર ટ્રાફિક પોલીસ દ્વારા તા. ૧૬-૧-૨૦૧૬ સુધી અલગ અલગ કાર્યક્રમો થકી ૨૭મા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરશે.




